**ઝાલોદ તાલુકાના સરહદી ગામમાં પીવાના પાણીની ગંભીર સમસ્યા, મહિલાઓ અને વૃદ્ધો સૌથી વધુ પરેશાન**

# ગરાડુ ગામમાં પાણી માટે હાહાકાર : ગ્રામજનો કિલોમીટર દૂરથી પાણી ભરવા માટે મજબૂર

**દૂષિત પાણી અને ખરાબ રસ્તાઓથી વધતી મુશ્કેલી વચ્ચે તંત્ર સામે ગ્રામજનોમાં રોષ**



(પ્રતિનિધિ) ઝાલોદ, તા.27
દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના ગુજરાત-રાજસ્થાન બોર્ડર પર આવેલ ગરાડુ ગામમાં પીવાના પાણીની ગંભીર સમસ્યા સર્જાતા ગ્રામજનો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. ઉનાળાની કાળઝાળ ગરમી વચ્ચે પાણીની અછત વધુ વકરતા લોકોમાં તંત્ર અને સરકાર સામે ભારે રોષ ફેલાયો છે.ગુજરાત પ્રવાસન ગ્રામજનોએ આક્ષેપ કર્યો છે કે ગામના કેટલાક કૂવાઓમાં લાંબા સમયથી યોગ્ય સફાઈ ન થતાં લોકોને દૂષિત પાણી પીવું પડી રહ્યું છે. જેના કારણે આરોગ્ય સંબંધિત બીમારીઓ ફેલાવાની ભીતિ પણ વ્યક્ત કરવામાં આવી રહી છે. બીજી તરફ કૂવા સુધી પહોંચવાના રસ્તાઓ કાચા અને બિસ્માર હાલતમાં હોવાથી મહિલાઓ અને બાળકોને પાણી લેવા જવામાં ભારે મુશ્કેલી પડી રહી હોવાનું ગામલોકોએ જણાવ્યું હતું.

ગ્રામજનોના જણાવ્યા અનુસાર અનેક વખત તંત્ર સમક્ષ રજૂઆત કરવા છતાં સમસ્યાનો કાયમી ઉકેલ આવ્યો નથી. હાલની સ્થિતિમાં પીવાનું પાણી ગામલોકો માટે સૌથી મોટી જરૂરિયાત બની ગયું છે. હાલ ગામલોકોની માંગ છે કે તંત્ર દ્વારા તાત્કાલિક અસરથી પાણીની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવે તેમજ કૂવા અને હેન્ડપંપની સફાઈ સાથે રસ્તાની વ્યવસ્થા સુધારવામાં આવે જેથી લોકોને આ મુશ્કેલીમાંથી વહેલી તકે રાહત મળી શકે.

**પીપલોદ થી સિંગવડની વચ્ચે વન વિભાગ રેન્જ વિસ્તરણ વિભાગની બેદરકારી**

# વનવિભાગ દ્વારા વાવેલા ઘણાય વૃક્ષો પાણી નહીં મળતા સુકાઈને મરી ગયા



( પ્રતિનિધિ ) સિંગવડ,તા.27
વિસ્તરણ રેન્જના વન વિભાગ દ્વારા થોડાક સમય પહેલા પીપલોદ થી સિંગવડ આવતા રસ્તા ની બંને બાજુમાં વૃક્ષો લગાવવામાં આવ્યા હતા અને તે વૃક્ષોને લગાવ્યા પછી તેને પાણી પણ આપવું પડતું હોય છે પરંતુ આ વિસ્તરણ વિભાગના અધિકારી દ્વારા આ વૃક્ષોને પાણી નહીં પીવડાવવા થી આ વૃક્ષો જે સરકારના લાખો રૂપિયા ખર્ચીને લગાવવામાં આવ્યા હતા તે વૃક્ષો ઘણા સુકાઈને મરી ગયા અને જેમના ઘરના બહાર લગાડવામાં આવ્યા હતા તે ઘરના લોકો દ્વારા પાણી પીવડાવવામાં આવ્યા તે વૃક્ષો લીલાછમ દેખવા મળે છે જ્યારે સરકાર દ્વારા વન વિભાગને વૃક્ષો વાવવા તથા વૃક્ષોને પાણી પીવડાવવા તેમનું જતન કરવા માટે જે ગ્રાન્ટો આપવામાં આવે છે તેમનો સદુપયોગ થવો જોઈએ જ્યારે સરકાર દ્વારા પણ મોટી મોટી જાહેરાતો કરવામાં આવે છે કે વૃક્ષો વાવો અને વરસાદ લાવો જ્યારે વૃક્ષો ઉછેરવામાં આવે તે મોટા થાય તો તેનાથી ઓક્સિજન મળી રહે છે અને ગરમીમાં તે વૃક્ષો છાયડો પણ આપે છે જ્યારે વૃક્ષો મોટા થાય તો તેના લીધે વરસાદ પણ વધારે વરસે છે જ્યારે વૃક્ષોની સાર સંભાળ લઈને તેને પાણી પીવડાવવાથી મોટા કરવામાં આવે તો તે ઘણા ઉપયોગી બને છે તેના માટે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે લાખો રૂપિયા ની ગ્રાન્ટો આ વન વિભાગને આપવામાં આવે છે પરંતુ આ રૂપિયા ખાલી વૃક્ષો લગાવી પછી તેમાં પાણી પીવડાવવામાં પણ આવતું હોય તો તે ખૂબ ફાયદાકારક સાબિત થાય છે પરંતુ આ પાણી પીવડાવવા ના રૂપિયા ક્યાં જાય છે તે એક લોકોમાં ચર્ચાનો વિષય બનવા પામ્યો છે.

# સુખસર તથા ફતેપુરા પોલીસ મથકે ઈદ-ઉલ-અઝહા નિમિત્તે શાંતિ સમિતિની બેઠક યોજાઈ

**હિન્દુ-મુસ્લિમ સમાજે પરસ્પર સૌહાર્દ અને એકતાના સંદેશ સાથે તહેવાર ઉજવવાની ભાવના વ્યક્ત કરી**



(પ્રતિનિધિ) સુખસર,તા.26
સુખસર તથા ફતેપુરા ખાતે 27 મે 2026 ના રોજ ઈદ-ઉલ-અઝહા (બકરી ઈદ) ના તહેવારને ધ્યાનમાં રાખી સુખસર સહિત ફતેપુરા પોલીસ મથકે શાંતિ સમિતિની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.ફતેપુરા પોલીસ સ્ટેશન ખાતે પી.આઈ. પી. એ. જાડેજાના અધ્યક્ષસ્થાને તથા પી.એસ.આઈ. આર.વી. રાઠોડની ઉપસ્થિતિમાં યોજાઈ હતી.જ્યારે સુખસર પોલીસ સ્ટેશન ખાતે સુખસર પોલીસ સ્ટેશન પીઆઈ એમ.એમ રાઠોડ તથા પીએસઆઈ ની અધ્યક્ષતામાં શાંતિ સમિતિની મીટીંગ નું આયોજન કરવામાં આવ્યું હતું.બેઠક દરમ્યાન બકરી ઈદનો તહેવાર શાંતિપૂર્ણ અને ભાઈચારાના માહોલમાં ઉજવાય તે માટે વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.પોલીસ અધિકારીઓ દ્વારા સમાજના આગેવાનોને કાયદો અને વ્યવસ્થા જાળવવામાં સહકાર આપવા અપીલ કરવામાં આવી હતી. આ પ્રસંગે હિન્દૂ અને મુસ્લિમ સમાજના આગેવાનો તથા સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. તમામે પરસ્પર સૌહાર્દ અને એકતાના સંદેશ સાથે તહેવાર ઉજવવાની ભાવના વ્યક્ત કરી હતી.ગત વર્ષોમાં પણ ફતેપુરા સુખસર તાલુકામાં હિન્દુ-મુસ્લિમ સમાજે એકબીજાના તહેવારો નિમિત્તે ભાઈચારાથી ઉજવી એકતાના દર્શન કરાવેલ છે.

# કતવારા પોલીસે તણસીયા ગામ નજીકથી રૂ.૫.૩૩ લાખનો દારૂ ઝડપાયો

**ટૂંક સમય પહેલા જ ચૂંટણીઓ પુરી થઇ ત્યારે ગુજરાતમાં ફરી એકવાર બુટલેગરો દારૂ ઘુસાડવા માટે તલપાપડ થયા છે**

(પ્રતિનિધિ) દાહોદ, તા.27
તણસીયા ગામે દેવળ ફળિયામાં રેલ્વે ગરનાળા પાસે રોડ પર કતવારા પોલીસનો સપાટો રૂપિયા ૫.૩૩ લાખ ઉપરાંતના વિદેશી દારૂ સાથે સ્વીફ્ટ ડિઝાયર કાર પકડી. શંકાસ્પદ જણાતી સ્વીફ્ટ ડિઝાયર કારનો ફિલ્મી ઢબે પીછો કરતા કારનો ચાલક તણસિયા ગામે દેવળ ફળિયામાં રેલ્વે ગરનાળા પાસે રોડ પર પોતાના કબજાની કાર મૂકી નાસી જતા, જે કારની પોલીસે તલાસી લેતા, કારમાંથી રૂપિયા ૫.૩૩ લાખ ઉપરાંતની કિંમતની ભારતીય બનાવટના વિદેશી દારૂ વિસ્કીના પ્લાસ્ટિકના ક્વાર્ટરીયા નંગ-૨૧૯૮ તથા કારની ડીકીમાંથી રૂપિયા ૫૦૦/-ની કિંમતનો મોબાઈલ ફોન મળી આવ્યા હતા જે પોલીસે કબજે લઈ સદર દારૂની હેરાફેરીમાં ઉપયોગમાં લેવાયેલ રૂપિયા પાંચ લાખની કિંમતની સ્વીફ્ટ ડિઝાયર ફોરવીલ ગાડી મળે કુલ રૂપિયા ૧૦,૩૪,૦૨૦/-નો મુદ્દામાલ કબજે લઈ ગાડીના ચેસીસ નંબર વગેરેની ચકાસણી કરતા સદર ગાડી પર લગાવેલ નંબર પ્લેટ ખોટા નંબર વાળી હોવાનું જણાઈ આવ્યું હતું આ મામલે કતવારા પોલીસે સ્વીફ્ટ ડિઝાયર ફોરવીલ ગાડીના ચાલક વિરુદ્ધ પ્રોહિબિશનનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**હાલોલમાં તેરા તુજકો અર્પણ કાર્યક્રમ યોજાયો**

# અરજદારોના ગુમ થયેલા ૧૩ મોબાઈલ શોધી પરત કરતી હાલોલ ટાઉન પોલીસ




( પ્રતિનિધિ ) હાલોલ,તા.27
પંચમહાલ જિલ્લાના ઉચ્ચ પોલીસ અધિકારીઓ તેમજ હાલોલ DYSP વી.જે.રાઠોડ તેમજ હાલોલ ટાઉન પોલીસ પીઆઈ આર.કે.દેસાઈની સૂચના અને માર્ગદર્શન હેઠળ તેરા તુજકો અર્પણ અંતર્ગત જેમાં હાલોલ પંથકમાં લોકોના ગુમ થયેલા મોબાઈલ ગુમ થયેલી અરજીઓ ને લઈ સર્વેલન્સ ટીમના પોલીસ કર્મચારીઓએ ટેકનિકલ રીતે તેમજ વિવિધ રીતે તપાસ હાથ ધરી શોધી આપી જે લોકો માટે મોંઘા અને અનમોલ કહી શકાય તેવા ગુમ થયેલ મોબાઈલ ફોન તેવા લોકોને શોધી તેઓને પોલીસના તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત હાલોલ ટાઉન પોલીસે 13 અરજદારોના કૂલ 2,67,233 રૂ.ના મોબાઈલ પરત આપતા અને તેઓના મોબાઈલ પરત મળતા અરજદારોના ચહેરા પર ખુશીનો માહોલ જોવા મળ્યો હતો અને તેઓએ પોતાની કીમતી મોબાઈલ પરત મળવાની ખુશી જાહેર કરી હાલોલ ટાઉન પોલીસનો આભાર વ્યક્ત કરી પોલીસની કર્તવ્ય નિષ્ઠાને સલામ કરી હતી.

આ પ્રસંગે પોતાના ગુમ થયેલા અને પરત મળેલા મોબાઈલ લેવા આવેલા અરજદારો અને તેમના પરિજનો સહિત હાલોલ ટાઉન પોલીસ મથકના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**મોટી ખરજ ગામે સંગાડીયા ફળિયામાં વનસ્પતિજન્ય ગાંજા સાથે ઘરધણીની ધરપકડ**

# દાહોદ એસ.ઓ.જી પોલીસનો સપાટો, મકાનમાંથી રૂ.૮૪,૫૦૦ની કિંમતનો દારૂનો જથ્થો ઝડપ્યો



( પ્રતિનિધિ ) દાહોદ,તા.27
દાહોદ તાલુકાના મોટી ખરજ ગામે સંગાડીયા ફળિયામાં રહેતા ૫૮ વર્ષીય મેસુલભાઈ વીછીયાભાઈ ટેઢવાના મકાનમાં પ્રતિબંધિત એવા સૂકા ગાંજાનું ગેરકાયદેસર સ્ટોક વેચાણ કરાતું હોવાની ગુમ બાતમી દાહોદ એસ. ઓ. જી પોલીસને મળતા દાહોદ એસ. ઓ. જી પોલીસ સબ ઈન્સ્પેક્ટર એસ યુ જોષી પોતાના સ્ટાફના પોલીસ કર્મીઓને સાથે લઈ ગઈકાલે સાંજના સાડા છ વાગ્યાના સુમારે મોટી ખરજ ગામે સંગાડીયા ફળિયામાં રહેતા ૫૮ વર્ષીય મેસુલભાઈ વિછીયાભાઈ ટેઢવાના કબજા ભોગવટાવાળા મકાનમાં ઓચિંતો છાપો મારી મકાનમાં તલાસી લેતા મકાનમાંથી રૂપિયા ૮૪,૫૦૦/-ની કિંમતનો ૧.૮૦ કિલોગ્રામ કુલ જથ્થાનો પાસ પરમિટ વગરનો લીલા કલરના પાન બીજ વાળા પ્રતિબંધિત એવો વનસ્પતિજન્ય માદક પદાર્થ સૂકો ગાંજો મળી આવ્યો હતો.

જે પોલીસે પકડી પાડી કબજે લઈ ઘર ધણી મેસુલભાઈ વીછીયાભાઈ ટેઢવાની ધરપકડ કરી પીએસઆઈ એસ યુ જોષીએ આ સંબંધે દાહોદ તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા તાલુકા પોલીસે આ મામલે મોટી ખરજ ગામના સંગાડીયા ફળિયામાં રહેતા મેસુલભાઈ વિછીયાભાઈ ટેઢવા વિરુદ્ધ નાર્કોટિક્સનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરીને જેલના સળિયા પાછળ મોકલી આપ્યો છે.

# દાહોદ શહેરમાં ધોળે દાડે આંગડિયા પેઢીના કર્મચારી પાસે થી કરોડો રૂપિયાની લૂંટ

**અજાણ્યા 6 લુટારુઓ બે પલ્સર મોટર સાયકલ પર આવી કર્મચારી પાસે થી રૂપિયા ભરેલ થેલો તફડાવી ગયા**



(પ્રતિનિધિ) દાહોદ, તા.27
દાહોદ શહેર ના ગૌશાળા પાસે પોલીસ ચોકી પાસે આવેલ આંગડિયા પેઢી બાબુ કાંતિ પટેલ ના કર્મચારી પાસે થી નંબર વગરની બે પલ્સર ગાડી ઉપર આવેલ અજાણ્યા 6 લુટારુઓએ કર્મચારીને લાત મારી હાથ માંથી અંદાઝે કરોડો રૂપિયાની લૂંટ કરી ફરાર થઈ ગયા હતા આ ઘટનાને લઈ ભારે ચકચાર મચી જવા પામી હતી ઘટનાની જાણ વાયુવેગે પ્રસરતા સ્થળ ઉપર પોલીસ નો કાફલો દોડી આવ્યો હતો સીસીટીવી કેમેરામાં લુટારુઓ કેદ થઈ ગયા છે હાલ કેટલી રકમ હતી તેની જાણ નથી આંગડિયા ના કર્મચારીની પૂછપરછ કરી ત્યાં આજુબાજુ લાગેલ સી સી કેમેરાની તપાસ કરી લુટારુઓ ને ઝબ્બે કરવાના પ્રયાસ હાથ ધરવામાં આવ્યા છે આ લખાય છે ત્યાં સુધી કોઈ ફરિયાદ કરવામાં આવી નથી પોલીસ દ્વારા તપાસ ચાલુ છે

**બકરી ઈદ પૂર્વે કાલોલ પોલીસ એલર્ટ મોડમાં**

**કાલોલ શહેરમાં સઘન ફૂટ પેટ્રોલિંગ હાથ ધરાયું**



**કાલોલ :** આગામી પવિત્ર બકરી ઈદ (ઈદ-ઉલ-અઝહા)ના તહેવારને અનુલક્ષીને કાલોલ શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તેમજ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે કાલોલ પોલીસ તંત્ર એક્શન મોડમાં આવ્યું છે. તહેવાર દરમિયાન શાંતિ અને કોમી સૌહાર્દ જળવાઈ રહે તેવા હેતુસર શહેરના વિવિધ વિસ્તારોમાં સઘન ફૂટ પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ ફૂટ પેટ્રોલિંગ કાલોલ વિભાગના ડીવાયએસપી નવીન આહિરની સીધી આગેવાની હેઠળ યોજાયું હતું. જેમાં કાલોલ પોલીસ સ્ટેશનના સિનિયર પીઆઈ આર.ડી. ભરવાડ, પીએસઆઈ પી.કે. ક્રિશ્ચિયન, મહિલા પોલીસ કર્મચારીઓ સહિત મોટી સંખ્યામાં પોલીસ જવાનો જોડાયા હતા. પોલીસ કાફલાએ શહેરના સંવેદનશીલ વિસ્તારો, મુખ્ય બજારો, ભીડભાડવાળા વિસ્તારો તેમજ મુખ્ય માર્ગો પર પગપાળા કૂચ કરી સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરી હતી.

**કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે જરૂરી સૂચનો અપાયા**

# કાલોલ પોલીસ સ્ટેશનમાં ડીવાયએસપીની અધ્યક્ષતામાં બકરી ઈદ પહેલા શાંતિ સમિતિની બેઠક યોજાઈ

**બન્ને સમાજના આગેવાનોએ શાંતિ પૂર્ણ વાતાવરણમા ઉજવણી કરવા ખાતરી આપી હતી**



(પ્રતિનિધિ) કાલોલ, તા.27
મુસ્લિમ સમુદાયના મુખ્ય તહેવારોમાંનો એક બકરી ઈદ (ઈદ-ઉલ-અઝહા)નો તહેવાર માનવામાં આવે છે. આ તહેવાર દર વર્ષે બલિદાન અને ત્યાગના સ્વરૂપ તરીકે ઉજવવામાં આવે છે. ત્યારે આવનાર ૨૮ તારીખના રોજ બકરી ઈદ (ઈદ ઉલ અઝહા) ની શાંતિપૂર્ણ અને સૌહાર્દપૂર્ણ માહોલમાં ઉજવવા અનુલક્ષીને કાલોલ પોલીસ સ્ટેશન ખાતે કાલોલના ડીવાયએસપી નવીન આહીર ની અધ્યક્ષતામાં શાંતિ સમિતિની બેઠક યોજાઈ હતી જેમાં પોલીસ સ્ટેશનના સીનીયર પીઆઈ આર.ડી.ભરવાડ પીએસઆઈ પી.કે.ક્રિશ્ચયન સાથે પીએસઆઈ એમ.આર.મોહનીયા ની ઉપસ્થિત વચ્ચે આ બેઠકમાં વિવિધ શૈક્ષણિક અને સામાજિક, ટ્રાફિક,ધાર્મિક મુદ્દાઓ અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.બેઠક દરમિયાન કાલોલના ડીવાયએસપી નવીન આહીર દ્વારા તહેવાર દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે જરૂરી સૂચનો આપવામાં આવ્યા હતા.

# શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી દ્વારા દર સોમવારે નો વ્હીકલ ડે

(પ્રતિનિધિ) ગોધરા તા.27
પ્રધાનમંત્રી તથા રાજ્યપાલની ઈંધણ બચત, પર્યાવરણ સંરક્ષણ અને સ્વચ્છ જીવનશૈલી અંગેની અપીલને માન આપતાં શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી દ્વારા એક પર્યાવરણલક્ષી અને પ્રશંસનીય નિર્ણય લેવામાં આવ્યો છે. યુનિવર્સિટીના કુલપતિ પ્રો. હરીભાઈ કાતરીયાના સક્ષમ માર્ગદર્શન હેઠળ યુનિવર્સિટી હસ્તકના તમામ વિભાગો, શૈક્ષણિક ભવનો અને સંલગ્ન કોલેજોમાં હવેથી દર સોમવારે નો વ્હીકલ ડે તરીકે ઉજવવાનું નક્કી કરાયું છે. આ નિર્ણયના સફળ અમલીકરણ માટે યુનિવર્સિટીના બોર્ડ ઓફ મેનેજમેન્ટ, એક્ઝીક્યુટીવ કાઉન્સિલ તથા એકેડેમિક કાઉન્સિલના તમામ સભ્ય, વિવિધ વિદ્યાશાખાના ડીન , ભવનોના અધ્યક્ષ, તમામ સંલગ્ન કોલેજોના આચાર્યો, વહીવટી વિભાગોના ઓ.એસ.ડી.ઓ તેમજ શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક સ્ટાફ સહિત વિદ્યાર્થીઓને દર સોમવારે પોતાના વ્યક્તિગત વાહનોનો ઉપયોગ સંપૂર્ણપણે ટાળવા માટે ખાસ અનુરોધ કરવામાં આવ્યો છે. નો વ્હીકલ ડે ના દિવસે કેમ્પસમાં આવતા તમામ લોકોને શક્ય હોય ત્યાં સુધી સાયકલનો ઉપયોગ કરવા, જાહેર પરિવહન (પબ્લિક ટ્રાન્સપોર્ટ) સેવાઓનો લાભ લેવા અથવા પગપાળા આવન-જાવન કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત, પર્યાવરણ પ્રત્યેની આ જાગૃતિ માત્ર એક દિવસ પૂરતી સીમિત ન રહે તે માટે અઠવાડિયાના બાકીના દિવસોમાં પણ કાર પુલિંગ (એક જ વાહનમાં ભાગીદારી), સાયકલ અને પબ્લિક ટ્રાન્સપોર્ટના ઉપયોગને પ્રાધાન્ય આપવા અપીલ કરાઈ છે.

**4.87 લાખના કામમાં ગેરરીતિના ગંભીર આક્ષેપ, મસ્ટરરોલથી લઈને MB બુક સુધી સવાલો**

# મનરેગામાં લાખોની લૂંટ? : લીલવા ઠાકોર ગામે કૂવો કાગળ પર પૂર્ણ, હકીકતમાં અધૂરો!



( પ્રતિનિધિ ) દાહોદ,તા.26
દાહોદ જિલ્લાના ગોવિંદ ગુરુ લીમડી તાલુકાના લીલવા ઠાકોર ગામે મનરેગા (NREGA) યોજના હેઠળ મંજૂર કરાયેલા કૂવાના કામમાં મોટા પાયે ભ્રષ્ટાચાર અને ગેરરીતિ થયાના ગંભીર આક્ષેપો સામે આવતા મામલો ચર્ચાના કેન્દ્રમાં આવ્યો છે. વર્ષ 2021માં વર્ક કોડ નં. 36798, સર્વે નં. 12/2 અને ખાતા નં. 251 હેઠળ અંદાજે 4,87,799ના ખર્ચે કૂવો મંજૂર કરવામાં આવ્યો હતો, પરંતુ અરજદાર કામોળ દલસીંગભાઈ હરસિંગભાઈએ આરોપ મૂક્યો છે કે કૂવો માત્ર કાગળ પર પૂર્ણ બતાવી નાણાં ઉપાડી લેવામાં આવ્યા છે જ્યારે હકીકતમાં કામ અધૂરું છે.

અરજદારના જણાવ્યા મુજબ ગામના ડેપ્યુટી સરપંચના પુત્ર તથા બેંક ઓફ બરોડાના BC તરીકે કાર્યરત ખાગુડા કિરીટભાઈ મોહનભાઈએ NREGAના સ્થાનિક વહીવટીતંત્ર, GRS અને ટેકનિકલ આસિસ્ટન્ટ સાથે મળી ખોટા મસ્ટરરોલ તૈયાર કરી નાણાકીય ગેરરીતિ આચરી છે. આક્ષેપો મુજબ કૂવો મજૂરો દ્વારા નહીં પરંતુ JCB અને ઈટાસી મશીનથી ખોદવામાં આવ્યો હતો, છતાં મજૂરોના નામે ખોટી હાજરી દર્શાવી ચુકવણીઓ કરવામાં આવી હોવાનું કહેવામાં આવી રહ્યું છે.